# ચિત્રાસણીમાં રમતા બાળક પર ટ્રેક્ટર ફરી વળતા મોત

પાલનપુર, તા.૪



પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામમાં ઘરના આંગણામાં રમી રહેલા બાળક પર ટ્રેક્ટર ફરી વળતા તેનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બાળકના મૃતદેહને પી.એમ. માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામમાં રહેતા કાનજીભાઈ પટણીનો ૧૦ વર્ષીય પુત્ર કલ્લુભાઈ રવિવારે સાંજે તેના ઘરના આંગણામાં રમતો હતો. દરમિયાન પૂરઝડપે આવેલા ટ્રેક્ટર ચાલકે તેને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજા થતાં બાળકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જેના મૃતદેહને પોષ્ટમોર્ટમ અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અકસ્માતને પગલે ગામમાં અરેરાટી પ્રસરી ગઈ હતી.

## મોડાસાના વાંટડા(કાબોલા) ગામની ૧૪ વર્ષીય સગીરાએ કુવામાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યું

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વાંટડા(કાબોલા) ગામની ૧૪ વર્ષીય સગીરાએ રવિવારે પરિવારના ખેતરમાં આવેલા પાણી ભરેલા કુવામાં જંપલાવી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર ફેલાઈ હતી. મોડાસા રૂરલ પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વાંટડા(કાબોલા) ગામની ૧૪ વર્ષીય શોભનાબેન મંગાજી પુજારાને ગામના જ છોકરા સાથે મૈત્રી સંબંધ હોવાની પરિવારજનોને જાણ થતા સગીરાના માતા-પિતાએ સગીરાની સગાઈ અન્ય જગ્યાએ કરવાની વાત કરતા શોભાનાબેનને મનમાં લાગી આવતા સગીરા હતાશામાં ગરકાવ થઈ જતા સગીરા પરિવારના ખેતરમાં જઈ પાણી ભરેલા કુવામાં પડતું મૂકી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી હતી.

## ધાનેરા ખાતે ભાજપના ઉમેદવાર માવજીભાઈની જાહેર સભા યોજાઈ



ધાનેરા, તા.૪

ધાનેરા મત વિસ્તારના ઉમેદવારે ધાનેરા ખાતે સભા સંબોધી ભાજપને વિજય બનનાવવા માટે અપીલ કરી હતી

ધાનેરા વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈ ચૂંટણી લડી રહ્યા છે ત્યારે આજે ધાનેરાની હોટલ હિરાણી ખાતે માજીરાના સમાજની સભા યોજી હતી જેમાં મોટી સંખ્યામાં માજીરાના સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને માવજીભાઈ દેસાઈને જીતાડવા માટે હાકલ કરી હતી. તો બીજી તરફ ઉમેદવાર માવજીભાઈ દેસાઈએ પણ લોકો સાથે મળી ધાનેરાનો વિકાસ કરવાની ખાતરી આપી હતી.



### મોડાસા બ્લોક ફેક્ટરી નજીકથી ૧૨ ફૂટ લાંબો અજગર પકડાયો

મોડાસા નજીક વોલ્વા ગામની સીમમાં રવિવારે સાંજના સુમારે આવેલા બ્લોક ફેક્ટરી વિસ્તારમાં નિર્માણ પામતી રેસિડેન્સીઅલ એરિયામાં મહાકાય અજગર દેખાતા કામ કરતા મજૂરો હેબતાઈ ગયા હતા આ અંગે મોડાસામાં સાપ પકડવામાં નિપુણતા ધરાવતા અને જીવદયા પ્રેમી ડુઘરવાડાના જયેશભાઈ ભટ્ટ(રુદ્રાણી) ને જાણ કરતા ઘટનાસ્થળે તાબડતોડ પહોંચી વનવિભાગના કર્મચારીઓ સાથે રાખી ૧૨ ફૂટ લાંબા અને ૨૮ કિલો ૪૦૦ ગ્રામ વજન ધરાવતા અજગરને પકડી નજીકના જંગલમાં સહી સલામત છોડી મુકતા રહીશો અને મજૂરોમાં આનંદ છવાયો હતો.

# વાવ મત વિસ્તારમાં આજથી શંકરભાઈનો હાઈ-ટેક પ્રચાર શરૂ

વાવ, તા. ૪

વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પ્રસાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ત્યારે સરહદી વાવ મત વિસ્તારના લાંબા અંતરના પ્રવાસને પહોંચી વળવા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શંકરભાઈ ચૌધરીએ ઉચ્ચત્તમ ટેકનોલોજીનો સહારો લીધો છે. ઉચ્ચત્તમ ટેકનોલોજીથી સજ્જ રથમાં ફરીને શંકરભાઈ મતદારોનો સંપર્ક કરશે, આ રથમાં લીફ્ટ દ્વારા છત પર જઈને પ્રવચન આપી શકાશે તેથી સ્ટેજની પણ જરૂર રહેશે નહી તે જ પ્રમાણે હાઈ ડીસ્ટન્સ ઓડીયો સિસ્ટમ, રાત્રી પ્રવાસ માટે હેલોજન લાઈટ, રથની અંદર મીટીંગ રૂમ, ટીવી, ડાઈનીંગ ટેબલ વિગેરે વ્યવસ્થા પણ હોવાને કારણે સમયની બચત થશે. હાઈસ્પીડ મીની લકઝરી બસમાં ઉપરોક્ત તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેના કારણે ઓછા સમયમાં મહત્તમ મતદારો સુધી અને અંતરીયાળ ગામડાઓનો પ્રવાસ કરી શકાશે. ઉલ્લેખનીય છે કે એક નંબરના બુથ માવસરીથી ૩૧૫ નંબરના બુથ રોઈટા સુધીનું અંતર ૧૧૦ કિ.મી. અને દૈયપથી દુદોસણ સુધી ૯૦ કિ.મી.ના વિસ્તારમાં કુલ ૧૭૩ ગામડાઓનો સંપર્ક આ હાઈટેક પ્રચાર વાન મારફતે થઈ શકશે.

# ધાનેરામાં કોંગ્રેસના બે મહાનુભાવો વચ્ચે સમાધાન : એકબીજાને મોં મીઠા કરાવ્યા

### જોઇતાભાઈ અને નથાભાઈ વચ્ચે મનદુઃખ દૂર થતા લોકોમાં પણ ખુશી : જોઇતાભાઈ પટેલે નાથાભાઈ ને જીતાડવા માટે કમર કસી




ધાનેરા, તા.૪

ધાનેરા માં ચાલુ ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ અને અને કોંગ્રેશ ના ઉમેદવાર નાથાભાઈ પટેલ વચ્ચે નું મનદુઃખ નો આજે સમજોતો થતા ધાનેરા ના લોકો માં ભારે ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે જોઈતાભાઈ પટેલ ધ્વરા નથાભાઈ ને જંગી બહુમતી જીતાડવા માટે લોકો ને હાકલ કરી છે

ધાનેરા વિધાનસભા સીટ ઉપર છેલ્લે સુધી જોઈતાભાઈ નું નામ ચાલી રહ્યું હતું અને છેલ્લી રાતે જોઈતાભાઈ ની ટિકિટ કાપી નાથાભાઈ ને ટિકિટ આપતા જોઈતાભાઈ અને નથાભાઈ વચ્ચે ભારે મનદુઃખ થયું હતું અને નાથાભાઈ ની એકપણ સભા માં જોઈતાભાઈ ન દેખાતા લોકોમાં પણ ભારે અનેં તર્ક વિતર્કો જોવા મળતા હતા પરંતુ આજે કોંગ્રેસ ના અગ્રણીઓ અને સ્થાનિક લોકો અને નથાભાઈ પટેલ ભેગા મળી જોઈતાભાઈ ને ઘરે ગયા હતા આ બન્ને વચ્ચે સમાધાન કરાવ્યું હતું લોકોમાં ખુશી નો માહોલ જોવા મળ્યો હતો અને જોઈતાભાઈ પટેલ ના ઘરેથી રેલી સ્વરૂપે ધાનેરા કોંગ્રેસ કાર્યાલય આવ્યા હતા અને ત્યાં એકબીજા ના મોં મીઠા કરાવ્યા હતા

બંને મહાનુભાવો વચ્ચે સમાધાન થઈ જતા ધાનેરા ના ધારાસભ્ય શ્રી જોઈતાભાઈ પટેલે નાથાભાઈ ને ખુબજ બહુમતીથી જીતાડવા માટે લોકોને અપીલ કાંતિ હતી તો બીજી તરફ નાથાભાઈ પટેલે પણ તેમાં થી કોઈ ભૂલ થઈ હોય તો તે બાદલ જાહેર માં માફી માંગી હતી અને લોકોના બનતા કામ કરી આપવાની ખાતરી આપી હતી ધાનેરા માં નથાભાઈ અને જોઈતાભાઈ વચ્ચે સમાધાન થઈ જતા એકબીજાને પેડા ખવડાવી મોં મીઠા કરાવ્યા હતા અને ધાનેરા માં નાથાભાઈ અને જોઈતાભાઈ નું મનદુઃખ ને લઈ કદાચ ધાનેરા સીટ પર અન્ય લોકો નો વિજય થવાની વાતે ધાનેરા માં જોર પકડ્યું હતું પરંતુ આજે આ બંને મહાનુભાવો એક થઈ જતા ધાનેરા સીટ ઉપર કોંગ્રેસ નો ભવ્ય વિજય થશે તેવી લોકોની આશા જાગી છે

# મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક લકઝરી બસમાંથી ૩૮.૫ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૪

વિધાનસભાની ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે વિદેશીદારૂ ઘૂસાડવા બુટલેગરો મરણીયા બન્યા છે. અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા જિલ્લાની તમામ આંતરરાજ્ય સરહદો પર સઘન પેટ્રોલિંગ હાથ ધરતા બુટલેગરો નિતનવા નુસખા અપનાવી ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયતનીશ બન્યા છે. રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી પાસેથી મધ્ય રાત્રીએ લકઝરી બસમાંથી ૩૮૫૦૦ રૂપિયાનો વિદેશી દારૂ કબ્જે કરી લકઝરી બસ ચાલક સહીત અન્ય ૨ આરોપીઓ ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી પોલીસ ચોકી પર ફરજ બજાવતા પ્રમોદચંદ્ર પંડ્યા સહીત પોલીસે મોડી રાત્રે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા મુસાફરોથી ખીચોખીચ ભરેલી લકઝરી બસ શંકાસ્પદ જણાતા અટકાવી લકઝરી બસમાં બેઠેલા મુસાફરોના માલસામાનની તપાસ કરતા લકઝરી બસમાં મુસાફરી કરતા બે મુસાફરો પાસેના થેલા માંથી ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની બોટલો અને કવૉટરીયા તથા ટીન નંગ-૧૨૩ કિંમત રૂપિયા ૩૮૫૦૦ તથા લકઝરી બસ (ગાડી.નં-આર.જે.૧૨પીએ-૨૭૮૬) ની કિં. ૧૦૦૦૦૦૦ અને મોબાઈલ નંગ-૨ કિં. ૨૦૦૦ મળી કુલ રૂ.૧૦ ૪૦ ૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લકઝરી બસના ચાલક લક્ષ્મણ રામલાલ મેઘવાલ ઉં. ૨૩ વર્ષ (રહે. દાસકાગુડા, પ્રતાપગઢ, રાજ) સહીત લલિતમોહન વિજયલાલજી ડાયમા ઉં.૩૯ વર્ષ (રહે. વાડાપુનાલી, ડુંગરપુર, રાજ.) અને કેશરસિંહ ધુળસિંહ રાઠોડ (રહે. ટોકર, ઉદેપુર, રાજ.)ને ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ત્રણે આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.



આજે મોટી સંખ્યામાં ઉપસ્થિત યુવક-યુવતીઓ કે જેઓ પહેલીવાર કે બીજીવાર મતદાન કરવા જઈ રહ્યાં છે ત્યારે તેમને વિધાનસભાની આ ચૂંટણીના મહાપર્વેમાં અચૂક મતદાન કરવા અને ભાજપના મોડાસાના ઉમેદવાર ભીખુસિંહ પરમારને મત આપવા કમળ ઉપર બટન દબાવી મતદાન કરવા વિધાનસભા ચૂંટણી ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલે પોતાના સંબોધન દરમિયાન અપીલ કરી હતી.

# પાલનપુર માર્કેટયાર્ડમાં સરકારી બારદાનની તંગી

પાલનપુર, તા.૪

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવામાં આવી રહી છે. આવી રહી છે. જે જથ્થો ખેડૂતો પાસેથી લઈ સરકારના સિક્કા મારેલા બારદાનમાં લેવામાં આવતા હોય છે. જયાં પાલનપુર હોવાનું જણાવી મગફળી ઉતારીને જતા રહો, બારદાન આવશે પછી વજન કરવામાં આવશે તેમ જણાવી રહ્યા છે. આવી રીતે અન્ય ખેડૂતોને



મગફળીનો આ જથ્થો સરકારના સિક્કા મારેલા બારદાનમાં ભરવામાં આવે છે. ત્યારે પાલનપુર માર્કટયાર્ડમાં ટેકાના ભાવે મગફળી સ્વિકારતી મંડળીમાં સરકારી બારદાનની તંગીને પગલે ચંડીસરના ખેડૂત અને મંડળીના સંચાલક વચ્ચે ચકમક ઝરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે એક મણના રૂપિયા નવસોના ભાવે મગફળીની ખરીદી કરવામાં માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે મગફળી સ્વિકારતી લાલાવાડાની ફળ-ફળાદી મંડળીમાં આ સરકારી બારદાનની તંગી સર્જાવા પામી છે. જ્યાં શુક્રવારે ખેડૂત અને સંચાલક વચ્ચે ચકમક ઝરી હતી.

આ અંગે ચંડીસરથી મગફળી લઈને આવેલા અમરતભાઈ પટેલે જણાવ્યું હતુ કે, મગફળી વેચી તેનો મેસેજ આવતાં અમે ૫૪ બોરી લઈને આપવા માટે આવ્યા છીએ જોકે, મંડળીના સંચાલક બારદાન ન પણ પરેશાન કરવામાં આવી રહ્યા છે. આ અંગે મંડળીના સંચાલકે જણાવ્યું હતુ કે, સરકાર દ્વારા સપ્તાહમાં એક-બે વખત ૫૦,૦૦૦થી વધુ બારદાન પુરા પાડવામાં આવે છે. એકાદ દિવસમાં બારદાન આવી જાય પછી સમસ્યાનો અંત આવશે. જોકે, ખેડૂતોને મુસ્કેલી ન પડે તે માટે અમે મગફળી મુકવાની વ્યવસ્થા કરી છે. મોટાભાગના ખેડૂતો અહિંયા મગફળી મુકીને જાય છે. અને બારદાન આવે પછી વજન કરાવતાં હોય છે.

# મોડાસા વાણિયાદ નજીક મોરા ગામ નજીક એસટી બસે બાઈકને ટક્કર મારતા બે યુવાનોના મોત

મોડાસા, તા. ૪

મોડાસા-વાણિયાદ ધોરીમાર્ગ પર આવેલા મોરા ગામની સીમમાં રવિવારે સાંજના સુમારે એસટી બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા બાઈક એસટીબસ નીચે ઘુસી જતા બાઈક સવાર બંને યુવાનોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. મૃતક યુવાનો મેઘરજ તાલુકાના બાંઠીવાડાના અજુ હિરોલા પેટા પરાના હોવાથી મેઘરજ પંથકમાં શોકની લાગણી છવાઈ હતી. ઘટનાસ્થળે મૃતક યુવાનોના પરિવારજનો દોડી આવતા ભારે આંક્રન્દ કરી મૂક્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલ મોડાસા રૂરલ પોલીસે બંને યુવકોના મૃતદેહને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત સર્જી બસ ચાલક બસ ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો.

મેઘરજ તાલુકાના અજુ હિરોલા (બાંઠીવાડા) ગામના લાલાભાઈ ડાહ્યાભાઈ ભાંભી (ઉં.વર્ષ-૩૦) અને રમેશભાઈ કોદરભાઈ પરમાર (ઉં.વર્ષ-૩૨) સાથે તેમની યામાહા બાઈક (ગાડી.નં.જીજે૯.એએલ.૮૯૨) લઈ મોડાસા તરફ કામકાજ અર્થે નીકળ્યા હતા ત્યારે વાણિયાદ નજીક આવેલા મોરા ગામની સીમમાં યમદૂત બની મોડાસા તરફથી આવતી અમદાવાદ-છીટાદરા




એસટી બસ (ગાડી.નં.જીજે. ૧૮. વાય.૭૬૩૩) ના ચાલક-ડ્રાઈવરે તેના કબ્જામાં રહેલી બસ પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લાવી બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલક લાલાભાઈ અને પાછળ બેઠેલા રમેશભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું અકસ્માતના પગલે આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને બંને યુવકોને મોત ને ભેટેલા જોતા તેમના પરિવાર જનોને જાણ કરતા બંને યુવકોના પરિવારજનો અને સગા-સંબધીઓ ઘટનાસ્થળે પહોંચી રોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાયી હતી અકસ્માતના સ્થળે મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે દોડી પહોંચી બંને મૃતક યુવાનોની લાશને પીએમ માટે મોકલી આપી અરવિંદભાઈ કોદરભાઈ પરમારની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર એસટીબસના ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## કોંગ્રેસનું વચન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું કે, ભાજપે તેના ૨૨ વર્ષના શાસનમાં પ્રજાલક્ષી કોઈ કાર્યો કર્યા નથી કે લોકોને કંઈ આપ્યું નથી અને તેથી હવે કોંગ્રેસ લોકોની ખુશહાલી માટે અને ગુજરાતમાં વસતા તમામ કુટુંબો સાચા અર્થમાં ખુશખુશાલ બને તે હેતુથી કોંગ્રેસ નવસર્જન સાથે સરકાર રચવા મક્કમ બની છે ત્યારે આજે પ્રજાના ખુદના ઘોષણાપત્ર કરવામાં આવે છે, જેમાં ગુજરાતના અને સમાજના તમામ વર્ગો અને સમુદાયને ધ્યાનમાં રાખીને કલ્યાણકારી યોજનાઓ અને નિર્ણયો અમલવારી કરવાનું કોંગ્રેસે નક્કી કર્યું છે. આ માત્ર સત્તા પરિવર્તન કે બદલાવની ચૂંટણી નથી પરંતુ ગુજરાતની જનતાની જીદંગીના પરિવર્તન માટેની ચૂંટણી છે, લોકોનું જીવન ખુશહાલ બને તે માટેની ચૂંટણી છે. ગુજરાતભરમાં કોઈ ભૂખ્યું ના રહે અને માર્ગો પર કોઈ ભિખારી જોવા ના મળે તેપ્રકારની સ્થિતિ ગુજરાતમાં પ્રસ્થાપિત કરવામાં આવશે.

## શશીકપૂરનું નિધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

અજુબા ફિલ્મનું નિર્દેશન કર્યું હતું. શશી કપૂરે રશિયન ફિલ્મનું નિર્દેશન પણ કર્યું હતું. શશી કપૂરે બાળ કલાકાર તરીકે પોતાની કેરિયરની શરૂઆર કરી હતી. રાજકપૂરની આગ ફિલ્મ જે વર્ષ ૧૯૪૮માં રજૂ કરવામાં આવી હતી અને ૧૯૫૧માં રજૂ કરાયેલી આવારા ફિલ્મમાં તે બાળ કલાકાર તરીકે હતા. શશી કપૂરે ૧૯૬૧માં રજૂ થયેલી ધરમપુત્ર નામની ફિલ્મમાં અભિનેતા તરીકે એન્ટ્રી કરી હતી. ૧૯૮૦ સુધી બોલીવુડમાં શશી કપૂરનું પ્રભુત્વ રહ્યું હતું. શશી કપૂરે અભિતાભ બચ્ચન સાથે અનેક ફિલ્મોમાં જોડી જમાવી હતી જેમાં તમામ સુપરહિટ ફિલ્મો દિવાર, સુહાગ, કભી કભી, ત્રિશુલ, સિલસિલા અને નમક હલાલ, કાલાપથ્થરનો સમાવેશ થાય છે. શશી કપૂરના સંદર્ભમાં અમિતાભ બચ્ચને એક વખતે બ્લોગમાં લખ્યું હતું કે, શશીએ હંમેશા ખુબ મોટુ સમર્થન આપ્યું હતું.

## દેશ મોટો છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બદનામ કરવાનું બંધ કરે. બિહાર અને ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બંગાળને બદનામ કરતા નહોતા, એક માત્ર ગુજરાત એવું છે, કોંગ્રેસનો કોઈપણ માણસ દિવસમાં એકવાર ગુજરાતને ભાંડ્યા વગર તેમને ચેન નથી પડતો. આપણો ગુનો શું? સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાતના હતા એ આપણો ગુનો, દેશને એક કર્યો અને તમે કાશ્મિરની જવાબદારી લીધી તેનો પત્તો નથી પડતો. એ ગુજરાતના હતા એટલે તેમને પેટમાં દુખે છે. મોરરાજી દેસાઈએ ઈન્દિરા ગાંધી સામે વડાપ્રધાન પદનો દાવો કર્યો તો તેમનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. આપણા વલસાડ જિલ્લાનું સંતાન મોરરાજી દેસાઈને તમે જેલમાં પૂરી દીધા. ગુજરાત માટે આટલી બધી નફરત એટલે એકવાર ગુજરાતે આ લોકોને એવો પાઠ ભણાવવાનો છેકે દેશ અને દુનિયામાં ગુજરાતને બેઆબરુ કરવાનું બંધ કરો, આ ગુજરાત ક્યારેય કોઈની મહેરબાની જીવ્યું નથી અને જીવશે નહીં. તમારી ચાર પેઢી ગુજરાતને તહેસ નહેસ કરવા પ્રયાસ કર્યા પણ તેને ઉની આંચ આવી નથી, એ ગુજરાતની તાકાત છે.

## સીધો સંવાદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારના ખેડુતોને તેમજ ગ્રામ્યજનોને તેનો લાભ મળ્યો નથી. તે અપાવવા પ્રયત્ન કરીશ તેમજ ગ્રામ્ય પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, પીવાનુ પાણી ખેડુતોને નર્મદાનુ પાણી સહીતના ગ્રામ્ય વિસ્તારના જે પ્રશ્નો હશે તેનુ નિરાકરણ લાવીશ

**ઠાકોર સમાજ સિવાય અન્ય જ્ઞાતિઓના મતો મળશે કે કેમ ?**

ઠાકોર સમાજની સાથે પાટીદાર, ઓબીસી દલિત સમાજ સહીતના મતદારોનુ સમર્થન મળશે. કારણ કે સૌને સાથે લઈને ચાલવાની કોંગ્રેસની વિચારધારાથી પ્રેરાઈને મતદારો મતદાન કરશે.

**ગાંધીનગર જિલ્લાની કેટલી બેઠકો પર કોંગ્રેસને જીત મળશે ?**

છેલ્લા ૨૨ વર્ષથી ભાજપના શાસનમાં પ્રજા ત્રાહીમામ પોકરી ગઈ છે. અહંકારી ભાજપને આ ચુંટણીમાં પ્રજા જાકારો આપશે. ગાંધીનગરની પાંચેય બેઠકો પર કોંગ્રેસનો પંજો ફરી વળશે.

## વાતાવરણ પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્જાઈ હતી. વરસાદી છાંટાને પગલે મોડી સાંજ પછી વાતાવરણમાં ઠંડક પ્રસરી વળી હતી.

એક તરફ શહેરમાં ચૂંટણી પ્રચારનો માહોલ ચાલી રહ્યો છે અને વિધાનસભાની ચૂંટણીના મતદાન આડે માત્ર ગણતરીના દિવસો બચ્યા છે ત્યારે શિયાળાના ટુંકા દિવસોમાં વરસાદની ઉપાધી માથે તોળાતા ઉમેદવારો ચિંતામાં મુકાયા છે. ઠંડીયુક્ત વાતાવરણને પગલે રાત્રીના પ્રચાર વહેલા ટુંકાવવા પડી રહ્યાં છે. જ્યારે બીજી તરફ નગરજનો તાપણા વગેરે દ્વારા કરી ઠંડી સામે હૂંફ પ્રાપ્ત કરવા પ્રયત્નો કરતા જોવાઈ રહ્યાં છે.